તા. ૨૮.૦૧-૨૦૨૫
ગુજરાત સમાચાર, પાના નં. ૨૧

### સામાન્ય દિવસ કરતાં આવકમાં બમણો વધારો

# મેટ્રોને કોન્સર્ટ ફળી : બે દિવસમાં રૂપિયા ૬૬ લાખથી વધુની આવક

અમદાવાદ,સોમવાર

કોલ્ડપ્લેનું આયોજન મેટ્રો રેલને પણ ફળ્યું છે. ૨૫ જાન્યુઆરીના રેકોર્ડ ૨.૧૩ લાખ જ્યારે ૨૬ જાન્યુઆરીના ૧.૯૧ લાખ મુસાફરો નોંધાયા હતા અને જેનાથી રૂપિયા ૬૬ લાખથી વધુની આવક થઈ છે.

## ૨૫મીએ એક દિવસમાં રેકોર્ડ ૨.૧૩ લાખ જ્યારે ૨૬મીએ ૧.૯૧ લાખ મુસાફરો

ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન દ્વારા જારી વિગત અનુસાર કોલ્ડપ્લેની પ્રથમ કોન્સર્ટ ૨૫મીએ યોજાઇ ત્યારે ૨,૧૩,૭૩૫ મુસાફરોથી રૂપિયા ૩૪ લાખથી વધુની આવક થઈ હતી. જે એક જ દિવસમાં મેટ્રોમાં સૌથી વધુ મુસાફરો અને આવકનો નવો રેકોર્ડ છે. ૨૬મીએ કોલ્ડપ્લેની બીજી કોન્સર્ટમાં ૧,૯૧,૫૨૯ મુસાફરોથી રૂપિયા ૩૨ લાખની આવક થઈ હતી. કોલ્ડપ્લે કોન્સર્ટ દરમિયાન છેલ્લા બે સપ્તાહમાં શનિવાર-રવિવારની સરખામણીએ દરરોજની લગભગ ૧ લાખથી વધુ મુસાફરી મેટ્રોમાં થઈ હતી.

અમદાવાદ મેટ્રો દ્વારા દરરોજની નિયમિત ૩૧૩ મેટ્રો ટ્રેનની ટ્રીપ ઉપરાંત ૨૫મીએ દિવસ દરમિયાન ૯૩ વધારાની ટ્રેન જ્યારે ૨૬મીએ ૧૧૪ વધારાની ટ્રીપ દોડાવાઈ હતી.

**મેટ્રોમાં એક જ દિવસમાં સૌથી વધુ મુસાફરો**

| તારીખ | મુસાફરો | ટ્રીપ | કારણ |
|---|---|---|---|
| ૨૫ જાન્યુ. ૨૦૨૫ | ૨,૧૩,૭૩૫ | ૪૦૬ | કોલ્ડપ્લે |
| ૨૬ જાન્યુ. ૨૦૨૫ | ૧,૯૧,૫૨૯ | ૪૨૭ | કોલ્ડપ્લે |
| ૧૪ ઓક્ટો. ૨૦૨૩ | ૧,૪૨,૯૭૨ | ૩૮૩ | ભારત-પાક. મેચ |
| ૧૯ નવે. ૨૦૨૩ | ૧,૩૭,૮૦૧ | ૩૮૫ | વર્લ્ડકપ ફાઈનલ |
| ૨૨ મે ૨૦૨૪ | ૧,૬૫,૫૦૪ | ૪૩૯ | આઈપીએલ ફાઈનલ |